**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૮.૫ ડીગ્રી
લઘુતમ : ૨૮.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૪૩ ટકા

# ઉપવાસનો સપ્તાહ : આ સપ્તાહમાં ત્રણ મોટા ઉપવાસ

## બુધવારે યોગિની એકાદશી, ગુરુવારે મિથુન સંક્રાંતિ અને શનિવારે અષાઢ અમાવસ્યા

ગાંધીનગર, તા.૧૧

આ સપ્તાહમાં ત્રણ મોટા ઉપવાસ અને તહેવારો આવશે. તે પૈકી બુધવારે યોગિની એકાદશી છે. બીજા દિવસે મિથુન સંક્રાંતિ અને ગુરુ પ્રદોષ બંને હશે. શનિવારે ઉપવાસ અને પૂજાની અમાસ હશે. આ અમાસ દરમિયાન સૂર્યોદય સમયે રવિવારે સ્નાન-દાન કરવામાં આવશે.જેમાં એકાદશી પર ભગવાન વિષ્ણુને અર્પણ કરવામાં આવશે, સંક્રાંતિ પર સૂર્યને અર્પણ કરવામાં આવશે. પ્રદોષ કાળમાં ભગવાન શિવ-પાર્વતીની પૂજા કરવામાં આવશે અને અમાવસ્યાના દિવસે પિતૃઓની પૂજા કરવામાં આવશે.



જેઠ માસને કારણે આખું અઠવાડિયું વિશેષ છે શાસ્ત્રોમાં જેઠ મહિનામાં સૂર્યની ઉપાસના કરવાની રીત જણાવવામાં આવી છે, કારણ કે આ મહિનાનો સ્વામી સૂર્ય છે. તેમજ આ મહિનાના દેવતા ભગવાન વિષ્ણુ છે.વામનના રૂપમાં કોની પૂજા કરવાનો ઉલ્લેખ પુરાણોમાં પણ જોવા મળે છે.

સ્કંદ, શિવ અને વિષ્ણુ પુરાણમાં કહેવામાં આવ્યું છે કે આ મહિનામાં તીર્થસ્નાન અને સૂર્યપૂજાની સાથે જરૂરિયાતમંદ લોકોને ભોજન અને ગરમ વસ્ત્રોનું દાન કરવું જોઈએ.આમ કરવાથી દરેક પ્રકારના પાપોનો અંત આવે છે. મહાભારતમાં કહેવામાં આવ્યું છે કે આ દિવસોમાં એક સમયે ભોજન કરવાથી ઉંમર વધે છે અને બીમારીઓ દૂર થાય છે. એટલા માટે આ સપ્તાહ ખાસ રહેશે.

**તારીખ ૧૪ જૂનઃ** આ દિવસે એકાદશી વ્રત રાખવામાં આવશે. આ વ્રતમાં ભગવાન વિષ્ણુના વામન અવતારની પૂજા કરવાનો નિયમ છે. આ દિવસે ઉપવાસ અને પૂજા કરવાથી મનોકામનાઓ પૂર્ણ થાય છે અને દુર્ભાગ્ય દૂર થાય છે. તેથી જ તેને યોગિની એકાદશી કહેવામાં આવે છે. જેઠ માસ હોવાથી આ દિવસે કરવામાં આવતી વિષ્ણુ પૂજાનું ફળ વધુ વધે છે. આ વ્રતમાં ભગવાન કૃષ્ણની પણ પૂજા કરવામાં આવે છે.

**તારીખ ૧૫ જૂનઃ** આ દિવસે સૂર્ય વૃષભ રાશિમાંથી બહાર નીકળીને મિથુન રાશિમાં પ્રવેશ કરશે. સૂર્યના રાશિ પરિવર્તનને કારણે આ દિવસે અષાઢ માસનો સંક્રાંતિનો તહેવાર છે. પુરાણો અનુસાર, મિથુન સંક્રાંતિ પર ગંગાના જળમાં સ્નાન કર્યા પછી ઉગતા સૂર્યને જળ અર્પણ કરવાની અને જરૂરિયાતમંદોને દાન કરવાની પરંપરા છે. આમ કરવાથી મળતું પુણ્ય લાંબા સમય સુધી રહે છે. આ દિવસે શ્રાદ્ધ કરવાથી પિતૃઓ પણ સંતુષ્ટ થાય છે.

**તારીખ ૧૬ જૂનઃ** આ દિવસે મહિનાના કૃષ્ણ પક્ષની તેરમી તિથિ હશે. ત્રયોદશી હોવાથી પ્રદોષ વ્રત થશે. આ વ્રતમાં ભગવાન શિવ-પાર્વતીની પૂજા કરવાનો નિયમ છે. શિવપુરાણ કહે છે કે અષાઢ મહિનામાં ભગવાન શિવ-પાર્વતીની પૂજા અને ઉપવાસ કરવાથી તમામ પ્રકારની સમસ્યાઓ દૂર થાય છે. ગુરુવારે ત્રયોદશી તિથિ હોવાથી ગુરુ પ્રદોષ વ્રતનો સંયોગ બની રહ્યો છે. આ વ્રતથી આર્થિક સુખ-સમૃદ્ધિ વધે છે.

**તારીખ ૧૭ જૂનઃ** આ દિવસે ઉપવાસ અને ઉપાસનાની અમાસ છે. બીજા દિવસે સ્નાન- પુણ્ય કરાવવામાં આવશે. અમાવસ્યા પર પિતૃઓની પૂજા કરવાનો નિયમ છે. આ દિવસે પિતૃઓનું શ્રાદ્ધ અને તર્પણ કરવામાં આવે છે અમાવસ્યાના દિવસે ગરીબ ને ભોજન અર્પણ કરવું અને જરૂરિયાતમંદ લોકોને દાન કરવાથી ઘણું પુણ્ય મળે છે.

### સેક્ટર-૨૫ ખાતે બીટ ધ હિટ ગેમ્સ-૨૦૨૩નું આયોજન

આગામી ૨૫ જૂને, રવિવાર ના દિવસે સેક્ટર-૨૫ ખાતે બીટ ધ હિટ ગેમ્સ - ૨૦૨૩ નું આયોજન મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં લોટ ફૂંક સ્પર્ધા અને લીંબુ ચમચી સ્પર્ધા યોજાશે. સ્પર્ધામાં ભાગ લેવા માટે ફોર્મ ભરીને રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. રજિસ્ટ્રેશન માટેની છેલ્લી તારીખ ૧૮/૦૬/૨૦૨૩ રહેશે. સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર આવનારને આયોજક દ્વારા પ્રમાણપત્ર તેમજ શ્રેષ્ઠ પ્રદર્શન કરનારને ટ્રોફી આપીને ગૌરવ સાથે સન્માનિત કરવામાં આવશે. આ સ્પર્ધામાં ૫ થી ૨૦ વર્ષ સુધીના બાળકો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં નિર્ણાયકોનો નિર્ણય આખરી રહેશે. વધુ માહિતી માટે ૯૧-૮૧૬૦૦૬૫૬૨૭ પર સંપર્ક કરીને વહેલા તે પહેલાના ધોરણે રજિસ્ટ્રેશન કરાવી લેવાનું જણાવવામાં આવેલ છે.

### રાંધેજા ખાતે જે. એસ. પટેલ વિદ્યામંદિરનો ૮૩મો જન્મદિવસ ધામધૂમથી ઉજવાયો



ગાંધીનગર, તા.૧૧

રાંધેજા ખાતે રાંધેજા કેળવણી મંડળ દ્વારા સંચાલીત રાંધેજા ઈંગ્લિશ સ્કૂલ શ્રી જે એસ પટેલ વિદ્યામંદિર ૮૩ વર્ષની વર્ષ ગાંઠ નિમિતે શાળામાં જ અભ્યાસ કરી ચૂકેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું આભાર દર્શન કાર્યકર્મનું આયોજન કરવામાં આવ્યું.

આ પ્રસંગે રાંધેજા કેળવણી મંડળ પ્રમુખશ્રી ઉપ પ્રમુખશ્રી તેમજ મંડળ તમામ સભ્યો સાથે શાળાના શિક્ષકગણો, વિદ્યાર્થી મિત્રો અને સંસ્થા ને સતત મદદ કરતા શાળાના દાતાશ્રીઓ, વાલી ગણો, ગામના તેમજ ગામની બહારના વિદ્યાર્થી ઓ જેઓ શાળા માં અભ્યાસ કરી ચૂકેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમજ વેપારી મિત્રો તથા ગ્રામજનો મોટી સંખ્યા માં ઉપસ્થિતિ રહ્યા હતા તેમજ શાળાના વિકાસ અને વિધાર્થી ઓ અભ્યાસ હેતું સુવિધા મળી રહે એ માટે વર્ગ ખંડ બાંધવા માટે ખૂબ મોટો ફાળો અને સહકાર આપવામાં આવ્યો..

### ચિરવિદાય

● મુક્તિધામ ●

● **સ્વ.નાથી જીવીબેન આત્મારામ** ઉ.વ.૮૬, પેથાપુર

# ગાંધીનગર મનપા મેયરની વધુ એક નવી પહેલ : ભૂલકાઓને સ્કૂલ બેગ ભેટ

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબે બાળકોનું નામાંકન વધે, ડ્રોપ રેશિયો ઘટે તેમજ કન્યાનું પણ નામાંકન શાળા વધે તે હેતુસર શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવેલ. જે અંતર્ગત આવતીકાલ થી શરૂ થતાં ૨૦ માં "શાળા પ્રવેશોત્સવ ૨૦૨૩" અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવતી તમામ આંગણવાડી, બાળવાટિકા અને ધોરણ ૧ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને માન. મેયરશ્રી હિતેશભાઈ મકવાણા એ તેમની ગ્રાન્ટ માંથી પ્રોત્સાહન રૂપે સ્કૂલ બેગ ભેટ આપવામાં આવશે. આ અવસરે માન. મેયરશ્રી એ જણાવ્યું હતું કે દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી એ શરૂ કરેલા આ સેવા યજ્ઞમાં સૌ કોઈ જોડાય અને દીકરીઓને ખાસ ભણાવે, આગળ વધારે તેવી વિનંતી કરું છું. દરેક બાળક શાળાને દ્વાર પહોંચે તેવો ગાંધીનગર મહાનગરપાલિકાનો દ્રઢ નિર્ધાર છે.



# અપના અડ્ડા ખાતે "કેફે હનુમાન ચાલીસા"માં સર્જાયો અદ્ભૂત માહોલ

"અવર ગાંધીનગર" ગ્રૂપ દ્વારા દર શનિવારે ચાલી રહેલા "કેફે હનુમાન ચાલીસા"નું ૧૦મું ચરણ રિલાયન્સ સર્કલ પાસે આવેલા "અપના અડ્ડા" કેફે પર યોજાયું હતું. જેમાં ૧૦૦૦ કરતાં પણ વધુ લોકો રામભક્તિમાં લિન થયેલા જોવા મળ્યા હતાં. રામ સખા મંડળ દ્વારા ભક્તિ ગીતોની રમઝટ જામી અને સિદ્ધ ચારણના દુહા-છંદની રમઝટમાં યુવાધન ઘેલું બન્યું હતું. સાથે જ આમંત્રિત મહેમાન કલાકારો જીગરદાન ગઢવી, હરિઓમ ગઢવી અને જયસિંહ ગઢવી એ પણ ભક્તિ ગીતો ગાઈને માહોલને વધારે ભક્તિમય બનાવ્યો હતો. કોમેડિયન કલ્પ ત્રિવેદી ઉર્ફે "પરપોટો" પણ આ કાર્યક્રમમાં હાજર રહીને શોભા વધારી હતી.



### જન્મદિને વધામણી



વિયાંશ વર્મા



ધ્રુવી રશ્મિકાંત પટેલ
મો. ૯૯૨૫૪ ૭૦૧૧૬



પાર્શ્વ ડી. દરજી



આશિષકુમાર જે બરંડા



આદિત્ય એન ત્રિવેદી



જ્યોતિબેન ઠક્કર
લાયોનેસ ક્લબ



માનવ વિપુલકુમાર રાઠોડ

# વ્યવસાય લાકડું, લોખંડને પથ્થર પણ સે. ૨૮ની જીઆઇડીસીની સમસ્યાઓ છે નક્કર..!!

## સે.૨૮ની વિશાળ જીઆઇડીસીમાં અપુરતા પાણી, બિસ્માર રોડ-રસ્તા અને જાહેર સાફસફાઇમાં લાલિયાવાડીની સમસ્યા : આ સાથે આસપાસમાંથી દબાણો, ગંદકી અને ચોરી-ચકારીની તકલીફો અને સુવિધામાં ના સિટી બસ કે ના બેક્ર પેટ્રોલપંપ સુદ્ધાં..!



**મારો વિસ્તાર મારી સમસ્યા**
સમીર રામી

ગાંધીનગરને પાટનગર તરીકે વિકસાવાયું તેમાં સરકારી કચેરીઓ સાથે કર્મચારી આવાસો ઉપરાંત શહેરમાં ઔદ્યોગિક વિકાસ પણ નીખરે તે હેતુથી તબક્કાવાર વિવિધ જીઆઈડીસીનો પણ વિકાસ કરવામાં આવ્યો જેમાં શહેરના સેક્ટર-૨૮ નજીક માર્ગ નં. ૭ની પેલે પાર પાવર સ્ટેશનમાં જતી રેલ્વે લાઈનને સંલગ્ન વિસ્તારમાં જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટનું આયોજન કરાયું અને આ ગુજરાતની એકમાત્ર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ છે જ્યાં સામાન્ય ઈજનેરી એટલે કે જનરલ એન્જિનિયરિંગ ઝોન છે જેમાં પ્રદૂષણ ના થાય તેવા કોઈપણ વ્યવસાય કરી શકાય છે. આંતર માળખાકીય પ્લોટ ઉભા કરીને વિકસાવયેલી આ એસ્ટેટમાં અંદાજે ૩૫૦થી વધુ વિવિધ વ્યવસાયિક એકમો કાર્યરત છે જેના થકી આશરે ૫ હજારથી વધુ નાગરિકો રોજગારી મેળવે છે. ૧૯૮૦ની આસપાસ વિકસાવાયેલી સેક્ટર-૨૮ની જીઆઈડીસી તરીકે જાણીતા આ ઔદ્યોગિક વિસ્તારમાં મુખ્યત્વે લાકડું, લોખંડ અને પથ્થર સંલગ્ન વ્યવસાય વધુ જોવા મળે છે અને આ રાજ્યની એકમાત્ર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ છે જ્યાં રોડ-રસ્તાં, ગટર, પાણી અને વિજળી વગેરેનું સંચાલન તેનું એસોસિએશન નહીં પરંતુ સરકારી તંત્ર જાતે પોતાને હસ્તક રાખીને કરે છે અને કદાચ આ કારણે અહીંની સમસ્યાઓ ઉકેલવામાં અપનાવાતી "સરકારી" પદ્ધતિ અહીંના વ્યવસાયિકોને કઠી રહી છે. સે.૨૮ની જીઆઈડીસીનો વિસ્તાર ઘ-૭ સર્કલથી શરૂ કરીને છેક ખ-૭ સર્કલ સુધી ફેલાયેલો છે જેમાં ગાંધીનગરના જાણીતા વ્યવસાયિક એકમો જેવાંકે કલ્પતરુ પાવર, અંબિકા એન્જિનિયરિંગ, કેપિટલ ઓફસેટ, મુડ ઓફ વુડ, અજંતા માર્બલ, શિવ ટીમ્બર, ઘનશ્યામ ફર્નિચર વગેરે ઉપરાંત લક્ષ્મી બેકરી અને રાધે સ્વિટના ઉત્પાદન એકમો અને હ્યુન્ડાઈ, મહિન્દ્રા, કિઆ, ટાટા જેવી ગાડીઓના શોરૂમ પણ છે. આ વિસ્તાર શરૂઆતમાં લાટીબજાર જેવો હતો જેમાં કચ્છી પટેલોનું પ્રભુત્વ હતું પછી ધીમે ધીમે તેમાં માર્બલ અને પથ્થરનો વ્યવસાય વધ્યો અને એક સમયે તો અહીં ગો-કુલ આઈસ્ક્રિમ, ગોવા ગુટખા, બોમ્બે ટેબ્લેટ જેવી કંપનીઓ સાથે ગુજરાતી ફિલ્મો અને ટીવી સિરિયલોના શુટિંગ જ્યાં થતાં હતા તે સાબર સ્ટુડીયો વગેરેની બોલબાલા હતી. વર્ષ ૧૯૮૭ની આસપાસ અહીં "જીઆઈડીસી એન્જિનિયરિંગ કોમ્પલેક્ષ એસોસિએશન (જીઈસીએ)" નામથી વ્યવસાયકારોનું એસોસિએશન અસ્તિત્વમાં આવ્યું અને તેમના દ્વારા અંહી પ્રાથમિક સુવિધાઓ વિકસાવવા સાથે વ્યવસાયિકોને ઉપયોગી થાય તેવા ભવનનું નિર્માણ પણ કરાયું જેમાં ઉદ્યોગકારોની માહિતી માટે વિવિધ સેમિનાર્સ, સરકારી યોજનાની જાગૃતિ માટેના કાર્યક્રમ, સાયબર ક્રાઈમ અવેરનેસ વગેરે આયોજનો સાથે રક્તદાન કેમ્પ, મેડીકલ ચેકઅપ કેમ્પ જેવા સેવા કાર્યો અને નવરાત્રી સહિત પ્રજાસત્તાક પર્વ તથા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પણ કરવામાં આવે છે. આ સાથે જીઈસીએ દ્વારા ઉદ્યોગકારોની માહિતી સાથેની ટેલિફોન ડિરેક્ટરી પણ પ્રકાશિત કરાય છે. સે.૨૮ની જીઆઈડીસીમાં માળખાકીય સુવિધાઓનું સંચાલન પહેલાં પાટનગર યોજના ભવન કરતુ હતું પરંતુ હવે તે મહાનગરપાલિકા કરે છે જેની સાથે સંપર્કમાં રહીને જીઈસીએ આ વિસ્તારની સમસ્યાઓથી અવગત કરાવતું રહે છે. જ્યાં રોજના દસેક હજાર નાગરિકોની અવરજવર રહે છે તેવા વિસ્તારમાં મુખ્ય સમસ્યાઓમાં પાણીની સમસ્યા સૌથી મોટી છે. પુરતું પાણી મળતું ના હોવાથી આ વિસ્તારમાં રોજની દસ-બાર પાણીની ટેક્રરો મંગાવવી પડે છે, આ ઉપરાંત અહીં અનેક આંતરિક રોડ-રસ્તાની હાલત પણ બિસ્માર છે અને ચોમાસામાં તો વરસાદી પાણીનો ભરાવો એટલો થાય છે કે વાહનોથી અવરજવર પણ મુશ્કેલ બની જાય છે. જાહેર સાફ સફાઈમાં તો એટલી લાલિયાવાડી ચાલે છે કે જીઆઈડીસીના મુખ્ય પ્રવેશદ્વારે કચરો એકત્ર કરવા મુકેલું કન્ટેનર પણ નડતરરૂપ હોવા સાથે ઉભરાઈને આસપાસમાં ફેલાય તો પણ તેને ખાલી કરાતું નથી. જીઆઈડીસીની બંને તરફ આદિવાડા અને ચરેડીની ઝુંપડપટ્ટી છે જેના પગલે ચોરી-ચકારીની સમસ્યા રહેતી હોવા છતાં પોલીસ ચોકીની માંગ પુરી કરાતી નથી. આદિવાડાના બહારથી આવીને વસેલાં નાગરિકોના દબાણ અને તેમના દ્વારા ગેરકાયદેસર રીતે ગંદાપાણીના નિકાલની ખલ્લી પાઈપલાઈનો જીઆઈડીસી તરફ નાંખીને અસહ્ય ગંદકી કરાય છે જેનાથી ઉદ્યોગકારો ત્રાહીમામ્ છે અને અનેક ફરિયાદો કરવા છતાં દબાણતંત્ર નિષ્ક્રિય રહે છે તેવો સૂર છે. જીઆઈડીસીમાં કે નજીકમાં નથી બેક્ર કે નથી પેટ્રોલપંપ અને આટલી મોટી સંખ્યામાં આસપાસના વિસ્તારમાંથી રોજગારી મેળવવા આવતાં નાગરિકો માટે નથી સિટી બસની પણ સુવિધા તો તેમના માટે બાગ-બગીચા કે રીક્રીએશન સેન્ટર તો દૂરની વાત છે.

"સે.૨૮ની જીઆઈડીસીમાં આશરે ૩૫ વર્ષ જુની પાઈપલાઈન છે જે બદલવાની જરૂર છે. રોડ-રસ્તા તેમજ ગંદકીની સમસ્યા તાજેતરમાં મુલાકાતે આવેલાં શહેરના મેયર સહિત અધિકારીઓને પણ દેખાડી અને ઝડપથી ઉકેલવાનો સધિયારો મળ્યો પરંતુ હજુ કોઈ નક્કર કાર્યવાહી નથી કરાઈ. મ્યુ.કોર્પોરેશન સાથે શહેરમાં ૨૪ કલાકના પાણી આપવાના કરાર કરનાર મે.ક્રિષ્ના કોર્પોરેશનને અનેક રજુઆતો કરીએ છતાં તેમને કોઈ અસર થતી નથી, ઉલ્ટું અગાઉ બનાવેલી વ્યવસ્થા પણ ખોરવાઈ ગઈ છે. ચોરી-ચકારી અટકાવવા પોલીસચોકીની માંગણી પણ સંતોષવામાં નથી આવી અને હજારો નાગરિકો આસપાસના ગ્રામીણ વિસ્તારમાંથી રોજગારી રળવા આવે છે તેમના માટે જીઆઈડીસીના રોડ નં.૭ તરફ બહારના બે તરફના ગેટ સુધી આવે તે રીતે સિટી બસના રૂટ પણ ગોઠવવામાં આવતાં નથી."

- શૈલેષભાઈ પટેલ,
પ્રમુખ, જીઈસીએ અને અગ્રણી ઉદ્યોગકાર

"સે.૨૮ની જીઆઈડીસીમાં આદિવાડાના રહીશો દ્વારા તેમની ગેરકાયદેસર ગટરની પાઈપલાઈનો જીઆઈડીસીમાં ખુલે તે રીતે નાંખીને પુષ્કળ ગંદકી ફેલાવવામાં આવે છે, દબાણો તો એટલાં કરવામાં આવ્યાં છે કે સ્ટોન ફિલ્ડ નામના એકમથી રોડ નં. ૭ સુધીનો માર્ગ સાંકડો થઈ ગયો છે. જીઆઈડીસીમાં એકપણ બેક્રની શાખા કે નજીકમાં પેટ્રોલપંપની સુવિધા પણ નથી. આટલાં બધા લોડિંગ સહિતના વાહનોને પેટ્રોલ કે ડિઝલ માટે ૩ કિમી દૂર જવું પડે છે. રોડરસ્તાની બિસ્માર હાલત માટે મેયરે ચોમાસા પછી મરામત કરી આપવાની બાંહેધરી આપી છે."

- કિશોરભાઈ પટેલ
સેક્રેટરી, જીઈસીએ અને વરિષ્ઠ વ્યવસાયકાર

"જીઆઈડીસીના ઉદ્યોગકારો પાસેથી બે તરફથી એટલે કે મહાનગરપાલિકા અને જીઆઈડીસી બંને વેરા ઉઘરાવાય છે, મોટાભાગનું મેન્ટેનન્સ કાર્ય સરકારી તંત્ર પાસે છે. જ્યારે કોઈને પ્લોટ બીજા નામે ટ્રાન્સફર કરવો હોય તો જીઆઈડીસીની ટ્રાન્સફર ફી જે દસ્તાવેજના ૧૦ ટકાથી પણ વધુ હોય છે તે ઉપરાંત સ્ટેમ્પ ડ્યુટી પણ ચુકવવી પડે છે. બીજી તરફ જીઆઈડીસી માં પાણીની ગંભીર સમસ્યા છે દરરોજ ટેક્રરો મંગાવવી પડે છે, પોલીસ ચોકીની જરૂરિયાત છે અને રહેણાંક કરતાં વધુ વેરો ચુકવવા છતાં અહીંના કર્મચારીઓ માટે બાગ-બગીચા કે રીક્રીએશન સેન્ટર જેવી કોઈ સુવિધા ઉપલબ્ધ નથી."

- રમેશભાઈ પટેલ
સલાહકાર, જીઈસીએ અને વરિષ્ઠ વ્યવસાયકાર





પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com